
| Sr. No. | Recommendation | Response (Yes/No/NA) | Supporting Materials |
|---|---|---|---|
| 96 | Issue Consent to Establish licences that are valid for a minimum period of 5 years or more | Yes | |

URL : http://gpcb.gov.in/Portal/News/122_1_circular-with-scheme.pdf




News
www.gpcb.gov.in/News.htm
Home | Contact | Feedback | Sitemap | Useful Links
Gujarat Pollution Control Board
ISO-14001 Certified Organization
Search
About Board
Projects
Environmental Clearance
Information
Statistics
E-Citizen
Gallery
Contact
NEWS
Protection of Environment
Home : News
News
Latest News
Change in CTE validity period and Auto CTE Renewal Scheme
Read More...
Green Category Industries
Read More...
Exemption from Routine Monitoring based on Third Party Certification for Orange Category Industries
Read More...
New Bank Guarantee Scheme
Read More...
Fast Track CCA Renewal Scheme
Read More...
Norms for Flue Gases Emitted from Kiln Stack using Gas generator from Gasifier as a Fuel
Read More...
www.gpcb.gov.in/Portal/News/122_1_circular-with-scheme.pdf
4 & 2014-15
Read More...

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ
પર્યાવરણ ભવન, સેક્ટર ૧૦ એ
ગાંધીનગર

પરિપત્ર

વિષય: કન્સેન્ટ ટુ એસ્ટાબ્લીશ (CTE) ના રીન્યુઅલ અને ઓટો રીન્યુઅલ બાબતે

હાલમા બોર્ડ દ્વારા ઉદ્યોગોને કન્સેન્ટ ટુ એસ્ટાબ્લીશ (CTE) પાંચ વર્ષના સમયગાળા માટે આપવામાં આવે છે. આ સમયમર્યાદા પુર્ણ થયેથી મોટા/મધ્યમ/લઘુ તથા રેડ/ઓરેન્જ/ગ્રીન કેટેગરીવાળા ઉદ્યોગો દ્વારા જો કન્સેન્ટ ટુ ઓપરેટ (CTO) એટલે કે CCA મેળવવામાં ન આવી હોય તો CTE ની સમય મર્યાદા વધારવાની (એટલે કે CTE-Renewal) અરજી જરૂરી ફી ભરી નિયત ફોર્મ તથા અન્ય માહિતી સાથે કરવાની પ્રથા હાલમાં અમલમાં છે. સદર પ્રથામાં અરજીની ચકાસણી કરી એકમની મુલાકાત લઈ રીન્યુઅલની અરજી વિશે નિર્ણય લેવામાં આવે છે.

જે કિસ્સામા પુર્વ પર્યાવરણીય મંજુરી (Prior Environmental Clearance) મેળવવાની રહે છે તેવા કિસ્સામા વન, પર્યાવરણ અને જળ વાયુ પરિવર્તન મંત્રાલય ના જાહેરનામા SO 1141E તા. ૨૯-૪-૨૦૧૫ અન્વયે ૭ વર્ષ ની મુદત માટે પર્યાવરણ મંજુરી આપવામા આવે છે, જેની સાથે સાતત્ય જળવાય રહે તે હેતુસર બોર્ડ દ્વારા પણ ઉદ્યોગોને પ્રથમ કન્સેન્ટ ટુ એસ્ટાબ્લીશ (CTE) સાત વર્ષના સમયગાળા માટે આપવામાં આવે તે ઈચ્છનીય છે તેથી **પ્રથમ CTE ની મુદત સાત વર્ષ ની કરવા માટે મંજૂરી આપવામા આવે તેમ નક્કી** કરવામાં આવ્યું છે. તેમ છતા જો કોઈ કારણસર CTE ની મુદત પુરી થતા સુધીમા ઉદ્યોગ CCA મેળવી ના શકેલ હોય તેવા કિસ્સામા આ સાથે બીડેલ વિગતવાર યોજના મુજબની નીતિ અમલમા લાવવામાં આવે છે જેના દ્વારા **CTEના રીન્યુઅલ માટે** કરવામાં આવતી **અરજીઓને ઓટો રીન્યુઅલ કન્સેન્ટ યોજના** હેઠળ આવરી લેવી **અને ત્રણ વર્ષની મુદત માટે ફક્ત એક જ વાર CTE** રીન્યુઅલ આપવી તેમ **નક્કી** કરવામાં આવ્યું છે.

આ કિસ્સાઓમાં જ્યાં એકમે મેળવેલ CTE માં કોઈજ ફેરફાર ન હોય અને એકમના સ્થળ અને પર્યાવરણીય પરીમાણમાં કોઈ જ ફેરફાર ન થયો હોય તેવી અરજીઓને ઓટો રીન્યુઅલની યોજના હેઠળ આવરી લેવામાં આવે તો ૧) અરજીનો ઝડપથી નિકાલ થઈ શકે ૨) ઉદ્યોગોને કન્સેન્ટ રીન્યુઅલ સરળતાથી અને ઝડપથી આપી શકાશે ૩) કન્સેન્ટ રીન્યુઅલની અરજીઓના પ્રોસેસીંગનું કાર્યભારણ ઘટશે તથા સ્વ-પ્રમાણિતતાના ખ્યાલનો અમલ પણ થશે.

આ પરિપત્ર તા. ૩૦/૦૧/૨૦૧૬ના રોજ મળેલ બોર્ડની પરિપત્રિત બેઠક ક્રમાંક ૨૦૯મા મંજુરી આપવામાં આવેલ છે અને તે અનુસાર પરિપત્ર કરવામાં આવેલ છે.

(હાર્દિક શાહ, IAS)
સભ્ય સચિવ

નં : ગુપ્રનિબોર્ડ/એડીએમ - ૧૦૦૪ / ૨૦૧૬ / 344176 -6 FEB 2016

: પાછળ :

<u>નકલ રવાના :</u>

૧) અધ્યક્ષશ્રી / સભ્ય સચિવશ્રીનું કાર્યાલય, ગુપ્રનિબોર્ડ, ગાંધીનગર

૨) તમામ પ્રાદેશિક અધિકારીશ્રી......ને જાણ તથા ઉદ્યોગકારોને આ બાબતથી માહિતગાર કરવા આપના કાર્યવિસ્તારનાં ઉદ્યોગકારો અને ઔદ્યોગિક એસોસીએશનમાં બહોળી પ્રસિધ્ધિ થાય તે પ્રમાણે વ્યવસ્થા ગોઠવવાની સુચનાસહ

૩) **તમામ** તકેદારી અધિકારીશ્રી વડોદરા, રાજકોટ, ગાંધીનગર, સુરત...ને જાણ અર્થે.

૪) યુનિટ હેડ કોમ્પ્યુટર શાખા ....... આ પરિપત્રને વેબ સાઈટ, XGN અને XPN ઉપર મુકવા જરૂરી કાર્યવાહી અર્થે.

૫) યુનિટ હેડ પી-૨ શાખા, પી-૩ શાખા, કાયદા શાખા, મહેકમ શાખા, વોટર સેસ શાખા, હેઝાર્ડસ વેસ્ટ શાખા, મધ્યસ્થ પ્રયોગશાળા....જાણ અર્થે.

૬) પરિપત્ર ફાઈલ

## પરિશિષ્ટ – અ

### કન્સેન્ટ ટુ એસ્ટાબ્લીશ (CTE) ના રીન્યુઅલ અને ઓટો રીન્યુઅલ માટેની નીતિ

હાલમા બોર્ડ દ્વારા ઉદ્યોગોને કન્સેન્ટ ટુ એસ્ટાબ્લીશ (CTE) પાંચ વર્ષના સમયગાળા માટે આપવામાં આવે છે. આ સમયમર્યાદા પુર્ણ થયેથી મોટા/મધ્યમ/લઘુ તથા રેડ/ઓરેન્જ/ગ્રીન કેટેગરીવાળા ઉદ્યોગો દ્વારા જો કન્સેન્ટ ટુ ઓપરેટ (CTO) એટલે કે CCA મેળવવામાં ન આવી હોય તો CTE ની સમય મર્યાદા વધારવાની (એટલે કે CTE-Renewal) અરજી જરૂરી ફી ભરી નિયત ફોર્મ તથા અન્ય માહિતી સાથે કરવાની પ્રથા હાલમાં અમલમાં છે. સદર પ્રથામાં અરજીની ચકાસણી કરી એકમની મુલાકાત લઈ રીન્યુઅલની અરજી વિશે નિર્ણય લેવામાં આવે છે.

જે કિસ્સા મા પુર્વ પર્યાવરણીય મંજુરી (Prior Environmental Clearance) મેળવવાની રહે છે તેવા કિસ્સા મા વન, પર્યાવરણ અને જળ વાયુ પરિવર્તન મંત્રાલય ના જાહેરનામા SO 1141E તા. ૨૯-૪-૨૦૧૫ અન્વયે ૭ વર્ષ ની મુદત માટે પર્યાવરણ મંજુરી આપવામા આવે છે, જેની સાથે સાતત્ય જળવાય રહે તે હેતુસર બોર્ડ દ્વારા ઉદ્યોગોને પ્રથમ કન્સેન્ટ ટુ એસ્ટાબ્લીશ (CTE) સાત વર્ષના સમયગાળા માટે આપવામાં આવે તે ઈચ્છનીય છે જેનો લાભ ઉદ્યોગ મેળવી શકે. તેમ છતા જો કોઈ કારણસર CTE ની મુદત પુરી થતા સુધીમા ઉદ્યોગ CCA મેળવી ના શક્યુ હોય તેવા કિસ્સામા નીચે સુચવ્યા મુજબ CTE માટે ઓટો રીન્યુઅલની નીતિ અમલમા લાવી શકાય અને ત્રણ વર્ષની મુદત માટે ફક્ત એક જ વાર CTE રીન્યુઅલ આપી શકાય.

| ક્રમાંક | પ્રોજેક્ટના પ્રગતિની સ્થિતી* (પ્લાન્ટ અને મશીનરી સહિત બાંધકામ) | કેટેગરી (ગ્રીન/ ઓરેંજ / રેડ / | ઓટો રીન્યુઅલની નીતિ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|
| ૧ | શુન્ય / નહિવત પ્રગતિ | તમામ | - | પ્રવર્તમાન પધ્ધતિ મુજબ નવેસરથી CTE ની અરજી કરવાની રહે છે. |
| ૨ | કુલ પ્રોજેક્ટના ૫૦ % સુધીની પ્રગતિ | ગ્રીન | ઓટો રીન્યુઅલ પાત્ર | ઓરેંજ તથા રેડ કેટેગરી ના ઉદ્યોગોએ પ્રવર્તમાન પધ્ધતિ મુજબ નવેસરથી CTE ની અરજી કરવાની રહે છે. |
| 3 | કુલ પ્રોજેક્ટના ૫૦ % થી વધુ પણ ૯૦ % સુધી ની પ્રગતિ | ગ્રીન તેમજ ઓરેંજ | ઓટો રીન્યુઅલ પાત્ર | રેડ કેટેગરી ના ઉદ્યોગોએ પ્રવર્તમાન પધ્ધતિ મુજબ નવેસરથી CTE ની અરજી કરવાની રહે છે. |
| ૪ | ૯૦% થી વધુ પ્રગતિ અને જો CTE રીન્યુ કરવામા આવેતો એકમ ૧ વર્ષ ની અંદર CTO મેળવી શકે તેમ હોય તો | તમામ | ઓટો રીન્યુઅલ પાત્ર | - |

* નોંધ :- પ્રોજેક્ટ ના પ્રગતિની સ્થિતીના મુલ્યાંકન અર્થે ચાર્ટડ એન્જીનિયરનુ પ્રમાણ પત્ર રજુ કરવાનુ રહેશે.

આ નિતી અપનાવવાથી જ્યાં એકમે મેળવેલ CTE માં કોઈજ ફેરફાર ન હોય અને એકમના સ્થળ અને પર્યાવરણીય પરીમાણમાં કોઈ જ ફેરફાર ન થયો હોય તેવી અરજીઓને ઓટો રીન્યુઅલની યોજના હેઠળ આવરી લેવામાં આવે તો ૧) અરજીનો ઝડપથી નિકાલ થઈ શકે ૨) ઉદ્યોગોને કન્સેન્ટ રીન્યુઅલ સરળતાથી અને ઝડપથી આપી શકાશે 3) કન્સેન્ટ રીન્યુઅલની અરજીઓના પ્રોસેસીંગનું કાર્યભારણ ઘટશે તથા સ્વ-પ્રમાણિતતાના ખ્યાલનો અમલ પણ થશે.

રાજ્યમાં ઓટો CTE રીન્યુઅલની યોજનાનું અમલીકરણ થવા માટે નીચે દર્શાવેલ પાસાઓને આવરી લેવા જોઇએ.

(i) આ યોજનાનો લાભ મેળવવા માટે ઉદ્યોગ દ્વારા ઓછામાં ઓછી એક વખત ઓનલાઇન CTE મેળવેલ હોવી જોઇશે.

(ii) આ યોજના Red/Orange/Green Category તથા Small/Medium/Large એમ તમામ પ્રકારના ઉધોગો માટે લાગુ પડશે.

(iii) આ યોજનાનો લાભ મેળવવા માટે ઉધોગ દ્વારા નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે તથા સ્વ-પ્રમાણિત સોગંદનામું આપવાનું રહેશે:

(૧) અગાઉ મેળવેલ CTEની અરજીમાં જણાવેલ કાચોમાલ તથા ઉત્પાદનના જથ્થામાં અને ઉત્પાદન પ્રક્રિયામાં ફેરફાર થયેલ ન હોવો જોઇએ.

(૨) જો ભારત સરકારના પર્યાવરણીય મંજુરી અંગેના જાહેરનામાં મુજબ એકમનાં સૂચિત ઉત્પાદનો માટે અગાઉ પર્યાવરણીય પૂર્વમંજુરી લીધેલ હોય તો ઓટો રીન્યુઅલની અરજી કરતી વખતે જરૂરી આવી મંજુરીની સમય મર્યાદા પુર્ણ થયેલ હોય તો તે પર્યાવરણીય મંજુરીની મર્યાદા લંબાવવાની અરજી કરેલ હોવી જોઈએ.

(3) અરજદાર એકમે CTE ઓટો રીન્યુઅલ માટેની અરજી મુળ CTE ની સમય મર્યાદા મા ઓનલાઈન (XGN પર) કરવાની રહેશે.

(૪) અગાઉ મેળવેલ CTEની ગ્રીન / ઓરેંજ / રેડ કેટેગરી માં ફેરફાર થયેલ ન હોવો જોઇએ

(૫) પાણીના વપરાશ તથા પ્રદૂષિત પાણીના ઉદભવતા જથ્થામાં તથા તેની શુધ્ધિકરણની પ્રક્રિયા અને નિકાલ વ્યવસ્થાની દરખાસ્તમા ફેરફાર થયેલ ન હોવો જોઇએ.(નિકાલ કરવાના થતા પ્રદૂષિત પાણીની ગુણવત્તા સુધારવા લેવાયેલ પગલા માન્ય રહેશે.)

(૬) જોખમી કચરાની કેટેગરી પ્રમાણેના ઉદભવતા કચરાઓ અગાઉની દરખાસ્ત મુજબ જ તથા તેટલા જ જથ્થામાં અથવા એવા હોવા જોઇએ.

(૭) બોઇલર/ફરનેસ/હીટરની સંખ્યા કે તેની ક્ષમતામાં વધારો થયેલ ન હોવો જોઇએ તથા તેમાં વપરાશમાં લેવાતા બળતણના પ્રકાર કે તેના જથ્થામાં ફેરફાર થયેલ ન હોવો જોઇએ.

(૮) પ્રોસેસમાંથી ઉદભવતા હવા પ્રદુષકો તથા તેના પ્રકાર બદલાયેલ ન હોવા જોઇએ તથા હવા

પ્રદૂષણ નિયંત્રણના સાધનોમાં ફેરફાર થયેલ ન હોવો જોઇએ. (હવાની ગુણવત્તા સુધારવા લેવાયેલ પગલાં માન્ય રહેશે.)

(૯) એકમ દ્વારા સુચિત સ્થળ પરના અગાઉ CTE આપ્યા મુજબના કોઈ પણ પર્યાવરણીય પરીમાણોમાં ફેરફાર થયેલ નથી તે મુજબનુ સ્વપ્રમાણિત સર્ટીફીકેટ – સોગંદનામું રજુ કરવાનુ રહેશે.

(૧૦) એકમના જવાબદાર સંચાલકે સ્વપ્રમાણિત સોગંદનામુ (ડ્રાફ્ટ મુજબ) આપવાનુ રહેશે તથા પ્રવર્તમાન નિયમોનુસાર લાગુ પડતી ફી રીન્યુઅલ સાથે ભરવાની રહેશે.

(૧૧) એકમ દ્વારા સુચિત સ્થળની કોઈ પણ લાક્ષણિકતા બદલાય તો અથવા સ્થળ નો સમાવેશ કોઈ નિર્દિષ્ટ વિસ્તાર જેમ કે Critically Polluted Area, Eco Sensitive Zone વગેરેમા થતો હશે તો આ યોજના ત્યાં લાગુ પડશે નહી.

(૧૨) પ્રથમ CTE સમયે જે એકમને પર્યાવરણીય મંજુરીની જોગવાઇઓ લાગુ પડતી ન હોય પરંતુ CTE રીન્યુઅલ માટે અરજી કરે ત્યારે ભારત સરકારના પર્યાવરણીય મંજુરી અંગેના જાહેરનામાં મુજબ એકમનાં સૂચિત ઉત્પાદનોને પર્યાવરણીય પૂર્વમંજુરી લેવી જરૂરી હોય તેવા કિસ્સામાં આ યોજનાનો લાભ મળી શકશે નહિ.

(iv) CTEની ઓટો રીન્યુઅલ અરજી પ્રોસેસ કરતી વખતે બોર્ડ દ્વારા નીચે જણાવેલ બાબતો ધ્યાન પર લઈ આગળની કાર્યવાહી કરવાની રહેશે :

(૧) હાલમાં બોર્ડ દ્વારા રેડ/ઓરેન્જ/ગ્રીન કેટેગરીના એકમોને CTE મંજુર કરવાની સતા એટલેકે delegation of powers ઓટો કન્સેન્ટ રીન્યુઅલ માટે પણ યથાવત રહેશે.

(૨) CTE ઓટો રીન્યુઅલની અરજી ફક્ત XGN ઉપર જ પ્રોસેસ કરવાની રહેશે.

(૩) CTE ઓટો રીન્યુઅલની અરજી XGN ઉપર સ્વીકાર કર્યાના પંદર દિવસમાં ઇસ્યુ થાય તે પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.

(૪) CTE ઓટો રીન્યુઅલ અરજી અને તેના નિર્ણય અંગેનો રેકોર્ડ હાલની વ્યવસ્થા મુજબ જે તે કચેરીમાં રાખવાનો રહેશે.

(૫) ઉદ્યોગ દ્વારા ખોટી માહિતી આપવાના કિસ્સામાં CTE તાત્કાલિક અસરથી રદ ગણાશે.

(૬) CTE રીન્યુઅલ ત્રણ વર્ષની મુદત માટે ફક્ત એક જ વાર આપી શકાશે.

ઉપરોક્ત યોજનાના અમલીકરણમાં દર ત્રણ માસે બોર્ડના અધ્યક્ષશ્રીની કક્ષાએ મુલ્યાંકન કરવામાં આવશે અને તેમાં જરૂરી ફેરફારો કરવાની તમામ સત્તા બોર્ડના અધ્યક્ષશ્રીની રહેશે.